વડોદરાના મે. ૨૨માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (એસ.આર.સાંગાણી) સાહેબની કોર્ટમાં,
વડોદરા.
આંક :

ફરિયાદી : શ્રી સરકાર
વિરૂધ્ધ
આરોપી : જૈમિન સુનિલભાઈ માળી
રહે. નવી ધરતી, ગોલવાડ, માળી મહોલ્લો,
વડોદરા.

આરોપ : **ઈ.પી.કો.કલમ–૨૬૯ વિગેરે મુજબ**.

**<u>ચૂ કા દો</u>**

૧. ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૨૬૯ વિ. મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ આજ રોજ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને પોલીસ પેપર્સની નકલો આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનુ જણાવી રહેમ કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર થઇ પોતે સ્વેચ્છાપુર્વક સદર ગુનો કબુલ કરી અને પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં સ્વેચ્છા પુર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોય અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.આરોપીની રજુઆત તથા કબુલાત ધ્યાને લેતાં તેમજ ઉપરોકત કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતના લક્ષમાં લેતાં આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવીથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક–સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૬૯ વિ. મુજબ સજાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ, જો દંડ ના ભરે તો દિન–૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સમજાવી જાહેર કર્યો.
વડોદરા, સ્પેશીયલ સીટીંગ.
તારીખ : ૧૦–૦૭–૨૦૨૧.

**(સમીર રતીલાલ સાંગાણી)**
**૨૨માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**વડોદરા**
**GJ01046**